## સલામી સવારની..



### સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*ઘેટાંઓની હિંમત જોઈને, ભરવાડ ભાગ્યા છે,*
*નચાવે મદારીને વાંદરાં, કર્યાં તે હૈયે વાગ્યાં છે.*
*માગે છે પદ 'ભરવાડ' માટે વફાદાર ઘેટાં -*
*શાંત મૌન માગે હક, 'ભરવાડ' જાગ્યા છે!*

હાઈકુ

*આસુરી હોડ*
*'અમૃત' પીવા માટે -*
*દોડ દ્વિધામાં...*
*(વિરોધ પક્ષના નેતા માટે*
*(પડાપડી)*

*છૂટે ન માયા !*
*ચાઈનીસ 'દોર' ની -*
*પડ્યા ગૂંચમાં...*
*(દારૂ જેવી બંધી)*

### ચિંતન

*ઉભયથા ચ દોષાત્ ।*

**ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**સંસારના સઘળા પદાર્થો ક્ષણિક અને અસત્ય હોવા છતાં પણ ભ્રાંતિરૂપી અવિદ્યાને લીધે સત્યને સ્થિર લાગે છે. જ્ઞાનની પ્રાપ્તિથી અવિદ્યાનો અભાવ થતાં સૌનો અભાવ થાય છે, એવી રીતે બુદ્ધિપૂર્વકને નિરોધ શક્ય બને છે. એના સ્પષ્ટીકરણ માટે અહીં કહેવામાં આવે છે કે ભ્રાંતિરૂપી આ વિદ્યાથી જણાતું જગત જ્ઞાનની પ્રાપ્તિથી અવિદ્યાનો અંત આવતા નષ્ટ થાય છે એવું માનવામાં આવે તો, પછી કોઈ પણ જાતના કારણ વિના પદાર્થોનો સ્વભાવિક નાશ થાય છે એવું જણાવનારી અપ્રતિસંખ્યા નિરોધની માન્યતામાં દોષ પેદા થશે, અને ભાંતિથી ભાસતું આ જગત પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ વિના પોતાની મેળે જ નાશ પામે છે એવું માનીએ તો જ્ઞાનની પ્રાપ્તિની અને એના ઉપદેશની ઉપયોગિતા નહીં રહે, એવી રીતે એ માન્યતા બરાબર નથી લાગતી.**

### સુવિચાર

- ભરી બરસાતમેં ઉડ કે દિખા એ માહિર પરિન્દે,
  આસમાન ખુલા હો તો તિનકે ભી સફર કિયા કરતે હૈ... - **ઈકબાલ**
- હે પ્રભુ... હથેળી તારા હાથમાં આપી દીધી જયારે, રેખાઓ જોવાની જરૂર ખરી... મારે ?? - **ભીખુદાન ગઢવી**
- તું પણ મને બાળી શખે છે, મારામાં થોડોક રાવણ પણ છે,
  શર્ત એટલી કે તારામાં સંપૂર્ણ રામ હોવા જોઈએ - **નવનિત**
- સુખની બે ચાવી છે : 'ખડખડાટ' અને 'ઘસઘસાટ' - **જય વસાવડા**
- જોઈતું મળી જતું હોય ત્યારે એ માટે ચૂકવવી પડતી કોઈ પણ કિંમત વ્યાજબી હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક સિક્કાને બે બાજુ હોય છે...
  તકલીફ એ છે કે આપણે બીજી બાજુ જોવા તૈયાર નથી - **કાજલ ઓઝા વૈદ્ય**
- આજનું ઔષધ : સમુદ્ર શોધના પાંદડાને ગરમ કરી ઘા પર બાંધવામાં આવે તો રૂઝ આવે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

એત રાજા બહુ અહંકારી હતો, તેના ગુરુએ તેને કહ્યું, 'રાજન, આપણા રાજયમાં પરમ જ્ઞાની અને પરમ સંત એવા મહાત્મા બુદ્ધ આવ્યા છે. તમારે તેમના સ્વાગત માટે જવું જોઈએ.'

રાજાએ કહ્યું, 'ગુરુદેવ ! હું એમનું સ્વાગત કરવા શું કામ જાઉં ? હું તા રાજા છું, બધા મને મહેલમાં મળવા આવે છે, એમણે જો મને મળવું હોય તો તેઓ મહેલમાં આવે.'

ગુરુએ કહ્યું, 'વત્સ ! તારા અહંકારને વશીભૂત થઈને જે આપ કહી રહ્યા છો, તે યોગ્ય નથી, મહાત્મા બુદ્ધ પણ કયારેક એક મોટા સમ્રાટના પુત્ર હતા પરંતુ તેમણે પોતાના રાજયનો ત્યાગ કરીને એક ભિક્ષુ બનવાનું સ્વીકાર્યું, આનો અર્થ એ છે કે રાજયની સરખામણીમાં તેમનો ત્યાગ વધારે મોટો સિદ્ધ થાય છે. મનુષ્યની મોટાઈ તેની વિનમ્રતામાં છે, તેના અભાવે મનુષ્ય પદ અને ઉંમરમાં મોટો હોવા છતાં પણ એક અહંકારનું પૂતળું બનીને રહી જાય છે, જે કોઈના સન્માનને પાત્ર નથી હોતું. 'ગુરુના શબ્દોથી રાજાને પોતાની ફૂલોનું ભાન થયું અને મહાત્મા બુદ્ધના પ્રવચનને સાંભળવા સામેથી ગયો અને પછી તેનું જીવન પણ બદલાઈ ગયું.'

# લાંબી રેસનો ઘોડો

ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે અમરેલી જિલ્લાના અગ્રણી કોંગ્રેસી નેતા પરેશ ધાનાણીની નિમણૂંક અનેક સંદર્ભે આવકારવાલાયક ઘટના છે. માત્ર એકતાળીશ વર્ષના આ યુવાન નેતાના શિરે આગામી પાંચ વરસ દરમિયાન વિધાનસભામાં અને બહાર કોંગ્રેસના નવસર્જનની જવાબદારી આવી પડી છે. પ્રજાને નબળી પડી ગયેલી કોંગ્રેસને પુનઃ નવપલ્લવિત કરવાનો ચુકાદો આપ્યો એના પગલે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે ચૂંટાયેલા ધારાસભ્યોના અભિપ્રાય મેળવી ધાનાણીના નામ પર પસંદગીની મહોર લગાવીછે. આમ હાઈકમાન્ડ દ્વારા ધારાસભ્યોના અભિપ્રાયને મહત્ત્વ આપવાનો પ્રયાસ થયો હોવા છતાં પદ માટેની સ્પર્ધામાં કોળી સમાજનાં કુંવરજી બાવળિયા જેવા સિનિયર આગેવાનની નારાજગી છૂપી રહી શકી નથી. કોંગ્રેસ માટે આવી આંતરિક હૂંસાતૂંસી હરહંમેશ નુકશાનકારક નીવડતી રહી છે. અગાઉના વર્ષો દરમિયાન કુંવરજી બાવિળિયા કયારેક ભારતીય જનતા પાર્ટી સાથે જવાના હોય એવા ગપગોળા પણ ઊડ્યા હતા. વીરજી ઠુમર અમરેલીમાંથી ચૂંટાયેલા કોંગ્રેસી સાંસદ હતા અને ગઈ લોકસભાની ચૂંટણીમાં હારી ગયા પછી તેઓ હમણાં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં જીત્યા છે. પાટીદાર સમાજના જ પ્રતિનિધિ હોવાને લીધે તથા અમરેલી જિલ્લાની તમામ બેઠકો કોંગ્રેસને મળી હોવાના મુદ્દે તેઓ વિપક્ષના નેદા પદ માટેનો દાવો અયોગ્ય ન ગણાય. તે જ રીતે જામનગર પંથકના સાંસદ રહી ચૂકેલા વિક્રમ માડમની લાયકાત વિશે પણ સવાલ ન ઉઠાવી શકાય. એમ તો કયારેય ચૂંટણી નહિં હારનારા વરિષ્ઠ આદિવાસી મોહનસિંહ રાઠવા તથા ધારાસભ્યો કે શૈલેષ પરમાર જેવા દલિત આગેવાન પણ એ પદ માટે લાયક જ ગણાય. પરંતુ પાર્ટીને ગુજરાત જેવા ભાજપના ગઢમાં પુનઃસ્થાપિત કરવા માટે કોંગ્રેસને તે અત્યાર લગી જેની ઉપેક્ષા કરતી રહી હતી તે પાટીદાર સમાજના યુવા નેતા પર પસંદગી ઉતારવાની ફરજ પડી હોય એમ લાગે છે. માધવસિંહ સોલંકી વિક્રમજનક સફળતા પછી કોંગ્રેસ પહેલી જ વાર સત્તાની નજીક કહી શકાય એવા શુકનિયાળ આંકડો પહોંચી છે. રાહુલ ગાંધીની ઈમેજ પણ સુધરી છે અને સૌરાષ્ટ્રે

**તંત્રીસ્થાનેથી...**

લાજ રાખી છે એમાં સૌથી અગત્યનો ફાળો ભાજપથી નારાજ પાટીદાર સમાજનો રહ્યો છે. ભાજપે એટી ચોટીનું જોર લગાવી દોઢસોથી વધુ બેઠકો લાવવાના લક્ષ્યાંકથી બહુ નીચે ૯૯ બેઠકો મેળવી સત્તા ટકાવી રાખી છે. એણે પણ સૌથી વધુ ડર પાટીદાર સમાજનો હતો, જેને હાથ ઉપર લેવા માટે સમાજના પ્રતિનિધિઓને પાર્ટીએ કેન્દ્રમાં પ્રધાનપદાંની લઈ પ્રદેશ સુધીના હોદ્દાઓ અને રાજય સરકારમાં પણ મહત્ત્વનાં સ્થાન આપવાં પડ્યા છે. આવા સંજોગોમાં જેણે પોઝિટિવ સંકેત આપ્યા છે એવા સૌરાષ્ટ્ર પાટીદાર સમાજના યુવા નેતાને વિપક્ષના નેતા તરીકે પસંદ કરીને રાહુલ ગાંધીએ કોંગ્રેસ માટે નવા યુગનાં મંડાણ થઈ રહ્યાં હોવાનો જ સંકેત આપ્યો છે. સૌથી અગત્યની બાબત એ છે કે જે ચાર ચહેરાઓને આગળ ધરીને કોંગ્રેસ ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં ઊતરી હતી તે તમામ ચૂંટણી હારી ગયા છે. વળી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી તો ચૂંટણી જ નહોતા લડ્યા. આમ જૂના કોંગ્રેસી નેતાઓના વારસદારો અથવા બેઝ નહીં ધરાવતા કોંગ્રેસી આગેવાનોને બાજુએ રાખી રાહુલ ગાંધીએ ત્રણ વાર વિધાનસભાની બેઠક જીતનાર પરેશ ધાનાણી જેવા યુવા નેતાને આગળ ધરી કોંગ્રેસના નવસર્જનના શ્રીગણેશ કર્યા છે. અમરેલીમાં ચૂંટાયેલા ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતા. હવે વર્ષો પછી અમરેલીના ધારાસભ્ય વિધાનસભા વિપક્ષના નેતા બની રહ્યા છે. કેશુભાઈ પટેલ પણ કયારેક વિપક્ષના નેતા તરીકેની ભૂમિકા ભજવી ચૂક્યા છે. પાટીદાર સમાજને સાથે રાખવામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હવે તીવ્ર સ્પર્ધા શરૂ થશે. ભાજપે પાટીદાર સમાજના જ પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી અના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તથા કેન્દ્રીય મેંત્રીઓ રૂપાલા અને મનસુખ માંડવિયાની ટીમ સાથે ઊભા થયેલા પરેશ ધાનાણીના પડકાર સામે ઝઝૂમવું પડશે. પરેશ ધાનાણી લાંબી રેસનો ઘોડો છે અને એને એવા જ યુવા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની હૂંફ સાંપડી છે. આશા રાખીએ કે તેઓ પાટીદાર કૂંડાળું ઓળંગી સમસ્ત ગુજરાતના નેતૃત્વની ક્ષમતા હાંસલ કરે.

# FIR નોંધવી એ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૫૪ મજુબ ફરજીયાત છે : સુપ્રિમ કોર્ટ



### કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

**જો મળેલી માહિતી કોગ્નિઝેબલ ગુન્હો ગણાય તો પ્રાથમીક તપાસની જરૂર નથી સીધીજ એફ.આઈ.આર. જ કરવી જોઈએ અને આરોપીની ધરપકડ કરવી જોઈએ**

સુપ્રિમ કોર્ટે તાજેતરમાં એફ.આઈ.આર. નોંધવા બાબતે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશનમાં મહત્વનો ચુકાદો આપતા જણાવ્યું છે કે પોલીસ અધિકારી કોગ્નિઝેબલ ગુન્હો નોંધાવાની ના પાડી શકે નહિ સગીરાની કન્ટેમ્પ્ટ પીટીશન અંગે પાંચ જજોની લાર્જર બેંચનો મહત્વનો ચુકાદો આપતા સુપ્રિમ કોર્ટે એફ.આઈ.આર.ના મામલે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપેલ છે જે મુજબ પ્રથમ બાતમી અહેવાલ રજીસ્ટ્રર કરવી એ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૫૪ મુજબ ફરજીયાત છે જો મળેલી માહિતી કોગ્નિઝેબલ ગુન્હો ગણાય તો પ્રાથમિક તપાસની જરૂર નથી. સીધી જ એફ.આઈ.આર. જ કરવી જોઈએ અને આરોપીની ધરપકડ કરવી જોઈએ ગુન્હો કોગ્નિઝેબલ જણાય કે ના જણાય તો પણ પ્રાથમિક અહેવાલ નોંધી તપાસ કરવી જોઈએ પ્રાથમિક તપાસમાં જ ફરીયાદ બંદ થઈ જાય તો ફરીયાદીને એક અઠવાડિયામાં તપાસનો રીપોર્ટ સોંપવો જોઈએ. કોગ્નિઝેબલ ગુન્હો નોંધવાની ના પાડનાર તપાસ અધિકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે મળેલ માહિતી દ્વારા નક્કી કરવાનું હોય છે કે ગુન્હો કોગ્નિઝેબલ છે કે નોન કોગ્નિઝેબલ.જો મળેલી માહિતી કોગ્નિઝેબલ ગુન્હો ગણાય તો પ્રાથમીક તપાસની જરૂર નથી સીધીજ એફ.આઈ.આર. જ કરવી જોઈએ અને આરોપીની ધરપકડ કરવી જોઈએ ગુન્હો કોગ્નિઝેબલ જણાય કે ના જણાય તો પણ પ્રાથમિક અહેવાલ નોંધી તપાસ કરવી જોઈએ પ્રાથમિક તપાસમાં જ ફરીયાદ બંદ થઈ જાય તો ફરીયાદીને એક અઠવાડિયામાં તપાસનો રીપોર્ટ સોંપવો જોઈએ.

કોગ્નિઝેબલ ગુન્હાની સમજૂતી પોલીસ અધિકાર કોગ્નિઝેબલ ગુન્હો નોંધાવી ના પાડી શકે નહિ એવું સુપ્રિમ કોર્ટે માર્ગદર્શન આપેલ છે. એટલે કે પોલીસ અધિકારીનો ગુન્હો જેના માટે અને પોલીસ અધિકારીનો કેસ એટલે એવો કેસ જેમાં પોલીસ અધિકારી પહેલી અનુસૂચિ અનુસાર અથવા તે સમયે અમલમાં હોય તે કાયદા હેઠળ વગર વોરંટે આરોપીને ધરપકડ કરી શકે છે સગીરાની ફરીયાદ લેવાનો પોલીસ અધિકારી દ્વારા ઈન્કાર કરવામાં આવતા મામલો સુપ્રિમ કોર્ટ સુધી પહોંચતા નામદાર સુપ્રિમ કોર્ટે ઉપરોકત મુજબ માર્ગદર્શન આપેલ છે કોર્ટ સમગ્ર મામલો પાંચ જજોની લાર્જર બેંચ સમક્ષ મુકી અગાઉની સુપ્રિમ કોર્ટના એફ.આઈ.આર. અંગેના ચુકાદાઓ ધ્યાનમાં લઈ ઉપરોકત માર્ગદર્શન

**ગુન્હો કોગ્નિઝેબલ જણાય કે ના જણાય તો પણ પ્રાથમિક અહેવાલ નોંધી તપાસ કરવી જોઈએ જો પ્રાથમિક તપાસમાં જ ફરીયાદ બંદ થઈ જાય તો ફરીયાદીને એક અઠવાડિયામાં તપાસનો રીપોર્ટ સોંપવો જોઈએ.**

અનુસંધાન પાના નં. ૭ પર

# દીઠા છે ક્યાં કદી કોઈએ રહીમ કે રામ ને જંગમાં ? ઉરે બસ હોય જો શ્રદ્ધા સહુમાં ભગવાન જોવાની ?

*"તેં નૃપતિને મુકુટ અને સિંહાસનનો ત્યાગ કરીને*
*દરિદ્રવેશ ધારણ કરવાનું શીખવ્યું છે;*
*વીર ને તેં ધર્મયુદ્ધમાં દુશ્મનને ક્ષમા કરવાનું શીખવ્યું છે;*
*ગૃહસ્થને તેં પડોશીઓ, અતિથિઓ ને અનાથોમાં*
*ઘરનો વિસ્તાર કરવાનું શીખવ્યું છે.*
*તેં ભોગને સંયમથી સાથે બાંધ્યો છે, નિર્મલ વૈરાગ્યથી તેં*
*દૈત્યને ઉજ્જવળ બનાવ્યું છે,*
*સંપત્તિને તેં પુણ્યકર્મ દ્વારા મંગળ બનાવી છે."*

**- રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીદનદાસ પારેખ)**

નવા વર્ષની ઉજવણી વિશ્વભરમાં ધામધૂમથી થઈ અને ભારત પણ તેમાં પાછું શાને રહે ? આપણે ત્યાં પણ દબદબાભેર નવા વર્ષના આગમનની ઉજવણી થઈ. નવા વર્ષની શરુઆતે બધું જ સારું કરવાની કલ્પનાઓ અને ભ્રમણાભર્યા વાયદાઓ પણ થયા. માત્ર ત્રણ જ દિવસમાં એ બધું ભૂલીને સમાચારપત્રો અને ન્યુઝ મીડિયામાં કોમી રમખાણોના સમાચાર આવ્યા. આખા વર્ષ દરમિયાન યોગ્ય વ્યવહાર કરવાના આપણા પોતાના જ વાયદાઓનો પત્તારૂપી મહેલ પળભરમાં જ કડડભૂસ કરતો પડી ગયો અને આપણે સૌ આ વરવી વાસ્તવિકતાને નજરે નિહાળી. થોડા-થોડા સમયે આપણને કંઈક નવું જોઈએ પણ નવું હવે લાવવું કયાંથી ? જેમ પહેલાના ગીતો જ રીમિક્સ બનીને પાછઆ આવી રહ્યા છે, કપડા અને જ્વેલરીમાં પણ વર્ષો જૂની ડિઝાઈન પાછી ફરી રહી છે તેમ અજ્ઞાન અને જડતાપૂર્ણ વ્યવહાર કરનારા આપણે ફરી એકવાર ધર્મના નામે બાખડી પડ્યા ! કવિ ભરત કવિ 'ઊર્મિલ ના શબ્દોમાં કહું તો,

*"મિથ્યાભિમાને અકડે માણસ!*
*વેરઝેરમાં સબડે માણસ !*
*મોહાંધે ડૂબીને સ્વારથ માંહી,*
*ધરમનું એક ભૂત છે કેવું ?*
*માણસને દ્વયે ભડકે માણસ !"*

નાની-નાની વાતમાં લડી પડવાનો સમય આપણી પાસે હોય જ કયાંથી ? હજી તો આપણે વિકાસ અને પ્રગતિના કેટકેટલા કામો કરવાના છે. ભણતર અને ગણતરના સુમેળ સાથે ઉન્નતિના ઉચ્ચ શિખરો સર કરવાના છે. આપણો પોતાનો ઉદ્ધાર અને ત્યારબાદ આ સમગ્ર સમાજ, રાજય તેમજ રાષ્ટ્રનો વિકાસ કરવાની આપણી નૈતિક જવાબદારીનું સ્વેચ્છાએ પાલન કરવાનું છે. તો પછી આવા નાહકના ઝઘડા શાને વ્હોરી લેવા ? અનિલ જોષી ખૂબ સચોટ વાત લખે છે કે,

'આ દેશના શાસકોએ આપણી યુવાનીને મનોરંજનની બ્રાઉન સુગરમાં ડુબાડી દીધી છે. સિનેમાના સડકછાપ ગીતોમાં આ ગરીબ દેશની જુવાની સદંતર વેડફાઈ રહી છે. એકદમ સસ્તા મનોરંજન પાછળ શહેરનો ભણેલોગણેલો વર્ગ લાળ પાડતો દેખાય છે.'

શાસનકર્તાઓએ આખા દેશ ઉપર ફિલ્મ અને ટેલિવિઝનનો કરફ્યુ નાખી દીધો છે. મનોરંજનના મીઠા ઝેરરૂપી એ કરફયુમાંથી તમને મુક્તિ મળે, તો તમે આ દેશમાં ચાલતા ભ્રષ્ટાચાર વિશે વિચાર કરતા થઈ જાઓ ને! ભારતની આમ જનતા મનોરંજનના આ ફિલ્મેરિયામાંથી કયારેય જાગ્રત થાય નહીં એમાં જ રાજકીય પક્ષોનું હિત રહેલું છે. આ પક્ષો બરાબર જાણે છે કે જાગૃત નાગરિક પર શાસન ચલાવવું એ ખૂબ અઘરું છે.

મનોરંજન તો અમેરિકામાં પણ ભરપૂર છે, હલકી કક્ષાનું મનોરંજન પણ છે. પરંતુ અમેરિકન પ્રજા અઠવાડિયામાં પાંચ દિવસ ગધેડાની જેમ કામ કરે છે. જયારે આપણે ત્યાં ?



### WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

ભગવાને આપણને સહુને બે હાથ આપ્યા છે. આ હાથ પાસેથી આપણે ઉત્પાદક કામ નથી લેતા, પણ તાળીઓ પડાવીએ છીએ. તેંડુલકરે સિકસર મારી - પાડો તાળી ! અમિતાભે ડાયલોગ માર્યો - પાડો તાળી ! કવિ - સંમેલન - પાળો તાળી ! મોરારિ બાપુ - પાડો તાળી !

આ પવિત્ર હાથ તે કર્મયોગનું સાધન છે. પણ તે હાથ વિના સાવ નવરો પડેલો છે, એટલે તાળીઓ પાડવા સિવાય એ બીજું કરી પણ શું શકે ?

દેશ આઝાદ થયે આટ-આટલા વર્ષો વીત્યાં, લોકશાહી, સમાનતા અને બિનસાંપ્રદાયિકતા વ્યાપક બની અને તેમ છતાં આજે પણ ધર્મ કે જાતિના નામે દેશમાં તોફાનો ફાટી નીકળે કે ગાંડીતૂર બનેલી પ્રજા પોતાના જ દેશની સાર્વજનિક સંપત્તિને નુકશાન પહોંચાડે તો આપણે જ વિચારવું જોઈએ કે આપણે ક્યાં છીએ ? કંઈ જ જાણ્યા કે સમજ્યા વિના ગાડરિયા પ્રવાહમાં આવા તોફાનોમાં સહકાર આપનારા લોકો સાવ મૂરખ અને અજ્ઞાની છે એ વાત સાથે આપણે બધાએ સંમત થવું જ રહ્યું. અને આવા લોકોને સાથ કે સહકાર આપનરા એનાથીયે વધુ મોટા અજ્ઞાની અને મૂરખ છે એમ સાબિત થાય. કાકાસાહેબ કાલેલકર લખે છે કે,

ગાંધીજીએ અંત્યોદયની પ્રથાનો આરંભ કર્યો. અંત્યોદય એટલે જે લોકો વધારેમાં વધારે પછાત છે, દબાયેલા છે, ઉપેક્ષિત છે, તેમની સેવાથી પ્રારંભ કરવો જોઈએ.'

આપણે મોટા-મોટા નવા વર્ષના વાયદાઓ ન કરીએ તો ચાલશે પણ એક નાનુ એવું પ્રણ લઈએ કે કોઈને મદદરુપ ન બનીએ તો કદાચ ચાલશે પણ જાણે-અજાણ્યેય આપણી આસપાસ રહેલા લોકો માટે તકલીફ કે અગવડ ઊભી ન જ કરીએ. નાની-નાની વાતમાં આંદોલનો અને હડતાલો કરીને આપણા જ સુખ સગવડ માટે બનાવાયેલી આપણા જ હિત માટેની સાર્વજનિક સંપત્તિનું નુકશાન કરવા જેટલા મૂર્ખ તો ન જ બનીએ.

**Last Seen**

*"રહું માણસ, ચહુ માણસ, બીજુ વિચારવુંયે શું ?*
*કદી ઈચ્છા ન જાગે ઉરમાં શયતાન બનવાની !*
*દીઠા છે ક્યાં કદી કોઈએ રહીમ કે રામ ને જંગમાં ?*
*ઉરે બસ હોય જો શ્રદ્ધા સહુમાં ભગવાન જોવાની ?"*

ભરત કવિ 'ઉર્મિલ'

– nehalgadhavi101@gmail.com

# સમાન નાગરી ધારાનું સરદાર સહિતના બંધારણનિર્માતાઓનું અધૂરું સ્વપ્ન



### અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

- **ગોવામાં પોર્ટુગીઝ વખતથી તમામ કોમો સિવિલ કોડને સ્વીકારતી હોય તો રાષ્ટ્રીયસ્તરે સર્વાનુમત સધાય**
- **ડૉ.આંબેડકરના હિંદુ કોડ બિલના વિરોધમાં રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદ,સરદાર પટેલ અને ડૉ.મુકરજી હતા**

વિરાટ વ્યક્તિત્વોના યુગમાંથી આઝાદીના માત્ર સાત જ દાયકામાં ભારત વામણાઓના યુગમાં આવી પહોંચે એને કરમની કઠણાઈ જ કહેવી પડે. અંગ્રેજ શાસનનો અંત આણતી ગાંધીમાર્ગી લડાઈના જયજયકારને પગલે સ્વતંત્ર ભારત માટે સ્વપ્રદૃષ્ટા બંધારણ ઘડવા માટે દેશના સપૂતો બંધારણ સભામાં એકઠા મળ્યા. ત્રણેક વર્ષ સક્રિય ચિંતન અને વિચારવિમર્શને અંતે જે બંધારણના અંતિમ મુસદ્દાને બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરે બંધારણ સભાના અધ્યક્ષ અને પછીથી રાષ્ટ્રપતિ ચૂંટાયેલા ડૉ.રાજેન્દ્ર પ્રસાદને સુપરત કર્યો, એમાં દેશના એ મહારથીઓનાં અને પ્રજાનાં સ્વપ્નાંને સાકાર કરવાની બ્લ્યુ પ્રિન્ટ કંડારાયેલી હતી. નાત-જાતના ભેદ ભૂલીને આદર્શ સમાજવ્યવસ્થાનું નિર્માણ કરવાનો એ બંધારણમાં સંકલ્પ હતો.રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્વપ્નના ભારતને પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલના પુરુષાર્થના સિંચનથી અમલમાં આણવાનું હતું. કમનસીબી તો જુઓ કે બંધારણના ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી અમલના માંડ સાત દાયકામાં ખોળિયું તો સરદારે સર્જેલા ભારતના ભવ્ય નક્શાનું રહ્યું છે, પણ એનો આત્મા જાણે કે આજેય કણસતો હોવાનું અનુભવાય છે. સમગ્ર રાષ્ટ્રની હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન સહિતની પ્રજા માટે સમાન નાગરી ધારા (યુનિફોર્મ સિવિલ કોડ)ના અમલના સ્વપ્નને એ બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતની કલમ (અનુચ્છેદ) ૪૪ (અગાઉના મુસદ્દામાં ૩૫) તરીકે કંડારવામાં આવ્યું હતું, એ સાત સાત દાયકા લગી શક્ય બન્યું નથી.

**ગોવામાં પોર્ટુગીઝ શાસનથી સમાન કાનૂન**

પોર્ટુગીઝ શાસન હેઠળના ગોવામાં છેક ૧૮૭૦થી આજ લગી લગ્ન,વરસી અને છૂટાછેડા સહિતની બાબતોમાં તમામ કોમ કે સમાજ માટે નાગરી ધારાનો અમલ આદર્શ બનીને તગતો હોય છતાં બંધારણ સભામાં ત્રણ-ત્રણ વર્ષ મથામણ કરીને, શ્રેષ્ઠ બંધારણ ઘડીને અમલમાં આણનારા મહાન સપૂતોનું એ સ્વપ્ન હજુ સમગ્ર ભારત માટે અમલી બન્યું નથી.૧૯૬૧માં ભારતમાં સમાવાયેલા ગોવામાં તમામ ધર્મોના લોકો માટે સમાન નાગરી કાયદો અમલી હોવા છતાં હિંદુને ખાસ સંજોગોમાં બહુપત્નીત્વનો અધિકાર, ખ્રિસ્તીઓને ચર્ચમાં લગ્ન કરવા સિવિલ રજિસ્ટ્રારની મંજૂરીની જરૂર તથા આવાં ચર્ચનાં લગ્નોને છૂટાછેડામાં સિવિલ કાનૂનમાંથી મુક્તિ, હિંદુને પત્નીના આડાસંબંધોના કારણે છૂટાછેડા મળે એવી જોગવાઈ,દત્તક કે અનૌરસ સંતાનો સંદર્ભે કાયદામાં અસમાનતા જેવી બાબતો એને સમાન નાગરી ધારાના કડક અમલ સાથે સુસંગત લેખી શકાય નહીં.જોકે પરિણીત વ્યક્તિની સંપત્તિ પર પતિ અને પત્નીનો સમાન અધિકાર અને એકમેકની સંમતી વિના એ સંપત્તિ વેચી શકાય નહીં, માબાપ સંતાનોને વારસાઈમાંથી બેદખલ ના કરી શકે,બધાં સંતાનોને સમાન ધોરણે વારસાઈમાં હિસ્સો મળે,મુસ્લિમ પુરુષોને બહુપત્નીત્વની જોગવાઈ નથી અને મૌખિક તલાકનો અધિકાર નથી. કાયદાકીય છટકબારીઓનો ઉપયોગ કે ભંગ અહીં પણ થાય છે,પરંતુ એકંદરે તમામ ગોવનીઝ ગોવામાં સિવિલ કોડથી બંધાયેલા છે.

**મોદી સરકારની પહેલ અને વિપક્ષ**

દેશમાં આદર્શ સમાન નાગરી ધારો અમલમાં આવે એ આવશ્યક છે,પણ સત્તાધીશોની વોટબેંક એના અમલમાં કાળોતરો બનીને આડી ઉતરી અવરોધ સર્જે ત્યારે એને બ્રેક મારવાની જરૂર ખરી. નેહરુ-સરદારના એ સ્વપ્નને સાકાર કરવાની દિશામાં અત્યારની નરેન્દ્ર મોદી સરકાર કામે વળી હોય એવું લાગે છે. સર્વોચ્ચ અદાલતે અનેક ચુકાદાઓમાં સમાન નાગરી ધારાના રાષ્ટ્રવ્યાપી અમલની તરફેણ કરી છે. મુસ્લિમોનો એક વર્ગ એનો વિરોધ કરતો રહ્યો છે. ત્રિપલ તલાકના મુદ્દે પણ મુસ્લિમ મહિલાઓ આ અમનાવીય પ્રથામાંથી મુક્ત થાય એ દિશામાં ભારત સરકાર સક્રિય બની છે. આ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે કાયદો ઘડવાની કરેલી પહેલની સાથે જ વિપક્ષ કોંગ્રેસ થકી લોકસભામાં એને મળેલા સમર્થનને પણ બિરદાવવું પડે.જોકે સંસદના શિયાળુ સત્રમાં રાજ્યસભામાં કોંગ્રેસ સહિતના વિપક્ષોના અમુક સુધારણા આગ્રહને કારણે ત્રિપલ તલાકને પ્રતિબંધિત કરતું વિધેયક પસાર ના થઈ શક્યું. ૧૯૮૬માં વડાપ્રધાન રાજીવ ગાંધી મુસ્લિમ પરસનલ લૉમાં સુધારો કરવા ઈચ્છતા હતા અને મુસ્લિમ વિરોધ સામે એમણે ઝૂકવું પડ્યું; પણ હવે એમના સાંસદ-પુત્ર અને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીએ વલણ બદલીને ત્રિપલ તલાકને પ્રતિબંધિત કરવામાં સરકારને ટેકો આપવાની ભૂમિકા લીધી હોય ત્યારે મોદી સરકારે પણ એને "હેન્ડલ વિથ કેર" કરી માત્ર રાજકીય આક્ષેપ-પ્રત્યાક્ષેપનો મુદ્દો બનાવવાનું ટાળીને રાષ્ટ્રીય સંમતી સાધવાનો પ્રયાસ કરવાની જરૂર ખરી. સર્વોચ્ચ અદાલતે ત્રિપલ તલાકને ગેરબંધારણીય ઠેરવવા ઉપરાંત યોગ્ય કાયદો કરવાનો નિર્દેશ કેન્દ્ર સરકારને આપ્યો હોય ત્યારે એ દિશામાં મોદી-રાહુલના સહિયારા પ્રયાસોમાં કોઈ ફાચર મારે એ યોગ્ય નથી. કાયદા પંચે પણ સમાન નાગરી ધારાના અમલ માટેની તૈયારી આદરી છે, એ આવકાર્ય છે.

**મુસ્લિમ દેશો અને અલ્લાઉદ્દીન ખીલજીના કાયદા**

પશ્ચિમના લોકશાહી દેશોમાં તમામ ધર્મ કે સંપ્રદાયના નાગરિકોની ધાર્મિક આસ્થાઓના આદર સાથે જ સમાન નાગરી અને ફોજદારી ધારા તમામ નાગરિકોને સમાન ધોરણે લાગુ કરવામાં આવે છે. ભારતમાં ફોજદારી ધારાના અમલની બાબતમાં તમામ નાગરિકોને સમાન રીતે લાગુ કરાય છે, પણ લગ્ન, છૂટાછેડા, વારસાઈ વગેરે બાબતમાં ધાર્મિક દૃષ્ટિએ ભેદભાવ રહે છે. ખાસ કરીને મુસ્લિમોને લગતા કાયદા-કાનૂનમાં કોઈ ફેરફાર કરવા જતાં ભારે ઉહાપોહ જાગે છે. ત્રિપલ તલાકનો કાયદો કરીને એને ગેરબંધારણીય અને અમાનવીય ઠરાવીને સજાની જોગવાઈ કરવાની દિશામાં મોદી સરકાર આગળ વધી રહી છે, ત્યારે એમાં કેટલાંક મુસ્લિમ સંગઠનો અવરોધ પેદા કરી રહ્યાં છે. હકીકતમાં મુસ્લિમ દેશોમાં પણ શરિયત કાયદાઓમાં ઘણા બધા ફેરફાર થતા રહ્યા હોવા છતાં ભારતમાં એવા કાયદામાં ફેરફાર કરાય તો 'ઈસ્લામ ખતરે મેં હૈ'ના નારા બુલંદ કરાય છે.જોકે, બંધારણ ઘડાતું હતું ત્યારે એના માર્ગદર્શક સિદ્ધાંતો (ડાયરેક્ટિવ પ્રિન્સિપલ્સ)માં સમાન નાગરી ધારાના અમલની જોગવાઈ કરવામાં આવી

અનુસંધાન પાના નં. ૭ પર